श्री

त्रिविक्रम नाटकना गायनो.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે

બનાવનાર

વાઘજી આશારામ ઓઝા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુળજી આશારામ ઓઝા.

(મોરબી આ૦ સુ૦ નાટક કંપનીના માલિક.)

આવૃત્તિ છઠ્ઠી (નકલ ૫૦૦૦)

શ્રી મહેશ મુદ્રાલય -સુરત

સંવત ૧૯૬૬. સને ૧૯૦૯

કિંમત બે આના.

... રાજા રજવાડામાં વખણાતી "યાકુતી"ની નકલો છે, માટે ખરીદ કરતી વખતે સંભાળજો. અમારી ... બાદશાહી યાકુતી અનંગ વીલાસ અમે કોઇને વેચવા આપેલ નથી. અમારી બનાવેલી યાકુતી માત્ર રાજકોટમાં મારાં ઔષધાલયમાંજ મળે છે.

બાદશાહી યાકુતી.

(અનંગ વિલાસ)

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે, પુરૂષાતન કાયમ રાખે છે સંસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામાં ઉંચામાં ઉંચી દવા જોઇએ તો આ અનંગ વિલાસ બાદશાહી યાકુતી છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. રાજા રજવાડામાં તથા શ્રીમંત લોકોમાં આ દવા બહુ વખણાય છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ ...

ડાકતર કાળીદાસ મોતીરામ, રાજકોટ—કાઠીયાવાડ.

ત્રિવિક્રમ નાટકનાં મુખ્ય પાત્રો.

ત્રિવિક્રમ—વૈરાટ નગરનો રાજા
નિર્મળા—તેની રાણી.
ચંદ્રસિંહ, બાલસિંહ—તેના બે કુમાર
વિમળસેન—તેનો પ્રધાન.
સત્યસિંહ—તેનો સેનાપતિ
સૌભાગ્યચંદ્ર—રાજના મોદીનો દીકરો ને ચંદ્રસિંહનો મિત્ર
વસંત, લખીઓ, ભીમજી—બાલસિંહના સોબતી
મદાર—રાજાનો એક હજુરી.
મદનકળા—મોહનપુરના મહારાજા રામસિંહના રાજની વારાંગના ને પાછળથી થએલી ત્રિવિક્રમની રાણી.
કામકળા, યૌવનકળા—મદનકળાની છોડીઓ
દાનો—ખેડુ વર્ગ આયરોનો પટેલ.
વીહો—તેનો પુત્ર.
સુજનસિંહ—દીપકપૂરનો રાજા
રૂપાળી—તેની પુત્રી.
સુમતિ—તેનો વજીર.
રત્નસેન—વજીર પુત્ર.

સુભટસેન—કાશીપુરીનો રાજા.

સુરજબા—
અવન્તિ }—તેની બેનપણીઓ.
સુશીલા }

આ સિવાય મોજસિંહ કરીને એક ઉમરાવ, લુટારા, દાસીઓ, વારાંગનાઓ, દ્વારપાળ વિગેરે પાત્રો આવે છે.

ત્રિવિક્રમ નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

૧ પ્રારંભમાં ત્રિવિક્રમની રાણી નિર્મળા સાસુ સેવામાં ગુથાયલી ઇશ્વર સ્તુતિ કરે છે. ચંદ્રસિંહનો મિત્ર શોભાગચંદ ને એકુવગ આયરોનો પટેલ દાનો નબળું વર્ષ હોવાથી મદદ માટે અરજે આવે છે તે ગયા પછી રાજા તેની પાસે આવે છે, થોડી વાતચીત રાણી સાથે થયા બાદ તેનો મિત્ર સુજનસિંહ આવી મળે છે, તથા રાજાના બે કુમારો પણ ત્યાં આવે છે

૨ વારાંગના મદનકળાની બે છોડીઓનુ ગાયન, તેને રાજના મોદીનો દીકરો શોભાગચદ્ર મળે છે.

૩ ત્રિવિક્રમની કચેરી, મદનકળાની આવવાની ખબર—તે આવે છે સભામ ડળે રાજાને મોહઝાળમાં ફસાવવાનાં તેના પ્રયત્ન ઉડાવવાની કોશીશ કરી તે વ્યર્થ ગઇ ને રાજા તેની છોડી-ઓના તથા તેના નૃત્ય ગાયનથી ખુશ થઇ તેનામાં લુબ્ધ થાય છે. કર્ણાટકી પ્રકારનો તાંડવલાસ્ય નાચનો ભેદ.

૪ રાણી નિર્મળા ઉપરની હકીકત જાણી દિલગીર થાય છે, કુમારો સાથે તે સબધમાં વાતચીત.

૫ નાના કુંવર બાલસિંહને તેના મિત્રો નિશાળે જતાં રસ્તે મળે છે, વિદ્યા, રૂપ, બળ, ને દ્રવ્યમાં શુ ફતેહ પામે છે ને વિષે સવાદ.

૬ મદ્યપાનથી છકેલી મદનકળા પાસે મોટો કુવર આવે છે તે તેને નીતિ વિરૂદ્ધ પ્રેમ રસ્તે મેળવવાનુ પ્રયત્ન કરે છે, તે તિરસ્કાર આપી ચાલ્યો જાય છે, રાણી નિર્મળા ત્યાં આવે છે

થોડા વિવાદ થયા બાદ તે જાય છે, મોટા કુવર ચંદ્રસિંહની સગપણ કરેલી વહુ, જે કોઇ માનતાએ જતી હતી તેનો અહી રસ્તે મુકામ થતાં અંતઃપુરમાં પ્રથમ મદનકળાને પગે પડવા આવે છે, ચંદ્ર વિષે ખોટી અસર ઉતારતાં એ રૂપાળી નામની રાજકુંવરી દિલગીરી સાથ જાય છે.

૭ કજોડાના વરઘોડા, ચંદ્રસિંહના મિત્ર શોભાગચંદ્રના ઘરમાં તેનો બાપ નવી સ્ત્રી પરણેલો છે.

૮ રાજમહેલમાં રાજા મદનકળા સાથે ગાનતાનમાં ગુલતાન થયેલો છે દેશપર હુમલો થાય છે, ભિપરા ઉપર સંદેશા. એશઆરામમાં ગુ થાયલા રાજાની ગફલત જે રાજમાંથી મદનકળા નાશી આવેલી તે દુશ્મનો આવી મહેલને વીંટી વળે છે ને રાજા છેવટ મદનકળા સાથે નાશી જાય છે

૯ ચંદ્રસિંહ બાલસિંહ થોડા સામા થઇ શત્રુ બળ વધારે હોવાથી આખર નિરાશ થાય છે. તેમની માતુ નિર્મળા સાથે સ્થળ છોડી જવાના છેલ્લા ઉપાયનું નકી કરે છે. આયર પટેલ દાનાની હિંમત સાથે મદદ, બાલસિંહને લઇ જઇ સાચવવાને તેની અરજ, શોભાગચંદની પણ આફતમાં ભાગ લેવા અરજ. છેવટ દાનો બાલસિંહને સાચવવા રોકી લે છે. ખોટી અસર લઇ ગએલી રાજકુંવરી રૂપાળી તરફથી વેવીશાળ તોડવાનો પત્ર આ વખતેજ આવે છે. તે ત્રણેની દિલગીરીમાં અધિક ઉમેરો કરે છે. ચંદ્રસિંહ જતી વખતે એ કુંવરી બાબતની તજવીજ કરવાનું તેના મિત્ર શોભાગચંદને સોંપતાં તે તે બાબતમાં તન મન ધન ખરચવા તૈયાર થઇ નીકળી પડે છે.

વીશે નિર્મળાને આપેલો હાર લઇ રાજાની શોધમાં જ-વાનું માથે લઇ પ્રજાભક્તિ દર્શાવે છે.

૧૦ ચંદ્રસિંહના સસરાનું ગામ--ત્યાંના પ્રધાનને ઘેર શોભાગચંદ ગાંડો ઘેલો થઇ નોકર રહ્યો છે, રૂપાળીએ પ્રધાનપુત્ર સાથે નિકળી જવાની સંતલસ કરેલી, તે પ્રધાનને જાહેર કરી દઇ તે છોકરાને મેડીમાં પુરાવી યુક્તિથી પોતે તેની સાથે નિકળી જાય છે

૧૧ રૂપાળાના પિતા રાજા સુરજસિંહનું અંતઃપુર, ત્યાં એક જ-ન્મમાંધની પરીક્ષાશક્તિ. રૂપાળી ગુમ થવાની ખબર રાજા સાંભળે છે.

૧૨ રૂપાળી જંગલમાં, તેના યાર રત્નસેનને બદલે પ્રધાનના નો-કર ભોપારૂપે શોભાગચંદને જોઇ તાજુબ દિલગીર તથા ગુસ્સે થાય છે લુટારાનું ટોળુ નીકળી વાવની અંદર સ-તાય છે, રાણી નિર્મળા મોટા કુંવર ચંદ્ર સાથે અરણ્યમાં ભટકતી તેનાથી નોખી પડી જાય છે

૧૩ નિર્મળા વાવ પાસે આવી શોચના કરે છે, ત્યાં લુટારા વાવમાંથી નીકળી તેને લુટવા ધાય છે. શિકારે નિકળેલો રાજા શુભટસેન તેને આવી બચાવે છે. તેની નગરીમા લઇ જાય છે

૧૪ રત્નના ન્યાયનો ફડચો--તેમાં શોભાગચંદનું પુરૂ ચાતુર્ય જોઇ રાજા શુભટસેન તેને પોતાના એક કારભારીનું પદ આપે છે.

૧૫ ત્રિવિક્રમને મદનકળાને જંગલમાં વિહો આવી નિર્મળાનો આપેલો હાર આપે છે.

૧૬ કુંવરી સુરજબા પાસે તેનો પિતા સુભટસેન આવી તેની ઇચ્છા પ્રમાણે સ્વયંવર રચવાની વાત કહી તેને સંતોષ પમાડે છે.

૧૭ શોભાગચંદ કારભારી થએલો પણ ઘરમાં હકીકત જુદી હોવાથી માથે પડતી મુસીબતો—અને મિત્રને ખાતર તેની સહનશીળતા

૧૮ રાજા સુભટસેનને રાણી નિર્મળાએ આપેલો નીતિ ઉપદેશ. તેની તેના પર એક મહા સતી તરીકે પડેલી છાપ, ને તેની કુંવરી સુરજબાને તેના શિક્ષણમાં સોંપે છે.

૧૯ ચંદ્રસિંહ તેની માતુથી જુદા પડી ગયાનો અફસોસ કરતો નગરીમાં ફરતો એક રાજકુંવરીનો સ્વયંવર મંડપ સાંભળી ત્યાં જવાનો વિચાર કરે છે.

૨૦ સ્વયંવરની કચેરી રાજાની એક નિશાન વેધ પ્રતિજ્ઞા ચંદ્રસિંહ તે પૂર્ણ કરી સુરજબાને વરે છે, તખતનસીન થાય છે ને તેની મા નિર્મળાને ભેટે છે

૨૧ મદનકળાને સર્પ દંશ થયાથી મરણ પામતા રાજા તેની સાથે બળી મરવા તૈયાર થયો છે ત્યાં એક મહાત્મા યોગીંદ્ર તેના પ્રેમની સીમા જોઇ તેને સજીવન કરે છે થાકેલો રાજા તેને ખોળે માથુ મુકી નિદ્રાવશ થાય છે એક ઉમરાવ ત્યાંથી નિકળે છે, તેની સ્મૃધ્ધિની વાત સાંભળી લલચાઇ રાજાને પડતો મુકી તેની સાથે ચાલી જાય છે, રાજા જાગૃત થતાં જોગીનો શિષ્ય તેને તે હકીકતથી વાકેફ કરે છે રાજા મોટો ખેદ પામી તેનો પીછો લેવા જાય છે.

૨૨ પ્રધાનનો પુત્ર જેને શોભાગચંદે મેડીમાં પુરાવેલો, તે પાછળથી એક વેશ્યાની છોકરી સાથે ભાગેલો તે ચંદ્રસિંહવાળી નગરીમાં આવતાં કેદ પકડાય છે.

૨૩ ત્રિવિક્રમ, બાજસિંહ ઉમરાવને ઘેર આવે છે તેની સાથે ખુબ ઝપાઝપી થયા બાદ મદનકળાના યોગ્ય બા કૃતઘ્ની બોલ સાંભળી રાજાને કારી ઘા વાગે છે, ને તેને નશીયત અપાવવા રાજકચેરીમાં ફરીયાદે જવાનો નિશ્ચય કરે છે.

૨૪ રાજા ત્રિવિક્રમ, રાણી નિર્મળા તથા કુમારોપર ગુજરેલી બીનાને માટે મોટો પ્રશ્ચાતાપ કરે છે.

૨૫ ચંદ્રસિંહ કામદારને ઘેર જમવા આવે છે, કામદાર શોભાગચંદ મિત્રનુ મુળ સ્વરૂપ ધારણ કરી તેની સ્ત્રી રૂપાળી તેને સોંપે છે. ચંદ્રસિંહ તેની યુક્તિ, નેકી ને મિત્ર ભક્તિથી આશ્ચર્ય પામી તેનો પરમ આભાર માને છે

૨૬ બાળસિંહ તખતપર બેઠેલો માતપિતા તથા ભાઈને સંભારી શોગ કર્યાં કરે છે તેવામાં દાનો આગ્ર તથા વીહા તેમના ખબર પરદેશથી લાવી આપે છે બાળસિંહ તેમને મળવા આતુર થઇ દાના સાથે નિકળે છે.

૨૭ રાણી નિર્મળા તેના નાથની શી દશા હશે તે સંભારી ઝુરે છે તેવામાં બાળસિંહ આવી તેને મળે છે.

૨૮ રાજા સુભટસેનની કચેરી–ત્રિવિક્રમ એક યાત્રી સાધુ જેવા સાદા વેશમાં રાજકચેરીમાં આવી ફરીયાદ કરે છે. પ્રથમ તેની વિચિત્ર હકીકતથી તે ખોટો ઠરતાં ચંદ્રસિંહ એક એવો ન્યાયનો તોડ કાઢે છે કે, રાજાનું સત્ય જાહેર થાય છે. ને

હકીકતમાં ત્રિવિક્રમ નામ જાહેર થતાં આખી કચેરી તાજુબ થાય છે. રાણી નિર્મળા તથા કુમારો તેને ભેટે છે, રાજા પસ્તાવો જાહેર કરે છે, એક ગાયન બાદ નાટક સમાપ્ત થાય છે.

આ નાટકમાં ગાયનોની અમુક તરજો નવી કલ્પનાથી ઘડી કાઢી દાખલ કરેલી છે.

મુળજી આશારામ ઓઝા

ગ્રંથકર્તા.

૨૯૫૫

શ્રી.

ત્રિવિક્રમ નાટકનાં ગાયનો

મંગળાચરણ.

શ્રી વિશ્વપતિની શિવરૂપે સૌ પાત્રો મળીને સ્તુતિ કરે છે.

૧

સ્મરામિ શંકર ગિરિજાપતિ, સ્મરામિ કૈલાસાધીપતિ. સ્મરામિ.
સકળ મંગળ સુખદ શંભુ, દુઃખ હરા જયકરા વિભુવરા;
શંકરા અખિલ જગ આધાર, વ્યાપક શંકર ગિરિજાપતિ.
ભાલચંદ્ર ભવાબ્ધિ તારક, કામ મારક ધુર્જટી;
ચંદ્ર શેખર પ્રણુત પાલક, ટાળક દુખ દ્વંદ્વજાળક.
શરણુજન સુખદાઇ છો, મોક્ષપ્રદ જગ રાય છો;
શૈલજાના કાન્ત શીવજી, દ્યો સન્મતિ ઉત્તમ કૃતિ શંકર.

નિર્મળા— ૨

અહો પુજ્ય સાસુજીરે સાચી કેમ ચુકું તમ સેવા.
માતપિતા સાચાંછો તમે મારાં, ચરણુ કમળ સેવું સદા પ્યારાં;
પુજ્ય સાસુ સસરાજી તમારાંરે. સાચી૦
આપ સેવામાં મુક્તિ રહી છે, વેદ પુરાણે ને શાસ્ત્રે કહી છે,
એ તો શિક્ષા સરસ મેં ગ્રહી છેરે. સાચી૦

નિર્મળા— ૩

મંગળ આયુષ્ય આપો, હરી રાજાજીને, મંગળ આયુષ્ય આપો૦
સુખ તો આપો અને આરોગ્ય સ્થાપો, વિઘ્ન સર્વે તમે કાપો. રાજા.
નાતો સંસાર અમારા સુધારો, ધર્મ ગતિ મતિ છાપો. રાજા૦
ત્રિવિક્રમ પતિ મારા છે પ્રાનમ, કિર્તિ સારી જગ વ્યાપો. રાજા.

બાળ— ૪

ધનુષ્ય ધારૂં શસ્ત્ર નિવારૂ, પિતુ રણે અમ ચાલુ;
રિપુને મારૂં પ્રજા સંભાળું, ન્યાય ખડગ વાળુ. ધ.
શસ્ત્ર ચલાવું, અશ્વ દોડાવુ, રાજ નીતિ જાણું,
ઉર શીવ શકિત, ઇશ્વર ભકિત, સદા સ્નેહ આણું. ધ.
લીઓ પરીક્ષા, અહી શી શિક્ષા, અમો બેય બાળે,
ઉત્તર દઇએ, પ્રવીણ છીએ, પુછો કોઇ કાળે ધ.

ત્રિવિક્રમ— ૫

સુખ એક અવનીમાં સુંદરી, મૃદુ વાણી મૃગનેની,
છુટી વેણી, કોકીલનો કંઠ મધુ રૂપે ભરી જેહ સુખ.
સિંહ કટી છટા, નટી, રાગરંગ મૃદંગ, ચટકો ચપળા;
મારે શર ગહન તિક્ષણ.
આવે હસી ઉર વસી, ઉપજાવે અનંગ, ઉતરી;
અબળા, યુવાં ઉર ગરવ ધરતી. સુખ.

કામકળા ને યૌવનકળા— ૬

શૃંગાર શાણી નવોઢા તરૂણી પ્રાપ્ત થઇ ના તો ગઇ જીન્દગાની;
દુઃખને ભૂલાવે મનડું ડુલાવે, પુરૂષ રીઝાવે થઇ મનમાની. શૃં
નયન હસે છે, પુરૂષ રસે છે, કોણ નવ અળગી થાયજો જાણી;

આપહાર— ૭

મહારાજ સુંદરી એક અવનીપર આવી,
શી અલક છટા એણે કર પર લટકાવી.
જે રમ્ય મનોહર અંગ સકળ તો એનાં,
શું વદન ચંદ્ર મુખ સુધા વચન છે જેનાં.
છે નવ યૌવન બાળા વીણાકર ધારી,
ધરી પચ પુષ્પ કરી કામ નારી અસવારી.

૮

પામ્યો પામ્યો પદમણી આવી હો જાણો તેની સફળ જીંદગાની;
એક કટાક્ષે પાડે છે નરને, પછી અવર નહિ દેખે અવરને.
દેહ છટા દીએ દીપાવી હો, જાણો તેના.
ચંપક વરણી વેણી વિશાળે, વનિતા એવી વસંતકાળે,
ભાગ્ય થકી મળી મન ભાવી હો; જાણો તેની.

મદનકળા— ૯

છે વેણી વિસ્તાર વ્યાલ સરખી, શૃંગારમાં શોભતી;
છે પાને મુખ લાલ બાળ ચપલા, અંકુરથી ઓપતી,
છે પાયે ઝણકાર ઝાંઝરતણો, ભાગ્યે નહી ભોગવી,
જોયો છે નકકી દેહ માનવ તણો, નારી ન એવી મળી

સેનાપતી— ૧૦

શોભે છે નીજ હાથ દાન ધનથી, વિવેકી વાણી ભણી,
શોભે છે મુખ સત્ય બોલ વચને, ધર્મિષ્ટતા છે ઘણી;
છે ભકિત પ્રભુ પ્રેમ નેમ ધરમાં વીદેશ કીર્તિ વધી,
એવી જે નવ રીત નીતિ પકડી, આયુષ્ય ખોઇ બધી.

મદનકળા— ૧૧

ભર્યાં કસ્તુરી ચંદને અંગ જેના વળી તેલ સુગંધી એક મર્જેનાં,
મૃદુ બોલતી રાગણી મુખ કેવી, વૃથા જન્મ ના ભોગવી નાર એવી

પ્રધાન— ૧૨

સુગંધી બધાં સાધનો સાથ લઇને પરિધાન પીતાંબરે શુદ્ધ થઇને,
દયાળુ પ્રભુ દિલમાં જો ન સુઝયા, વૃથા જન્મ તેનો નહીં ઇશ પુજ્યા

મદનકળા— ૧૩

કેશર ચદન અગ વિલેપન, કુમકુમ ટીબકી ભાલ ભરી છે,
કામની સ્નેહ તણી ઉર કીમત, પ્રેમના પાલન પુરી કરી છે,
ચંદ્રમુખી સંગ ચંદ્રપ્રકાશમાં, મોજ મજા મનમાની ગ્રહી છે,
ભાગ્યથકી એવી ભોગવી ભામની, તે નરના સુખથી અવધી છે.

સેનાપતી— ૧૪

દાનમા માન ને શૂર વખાણમાં, ઇશ્વર ભકિત વિશે જીદગી છે.
સંતાપ માત પિતાને પમાડીન, પુન્ય પરાયણ ક્રિયા બધી છે
જાત કમાઇથી દોલત જોડી છે, કિર્તિ કામે ને નામે વધી છે.
એવી જે રેણીને કેણી પુરૂષની, તે નરથી અવધી અવધી છે.

મદનકળા— ૧૫

નથી સમજતા આ તો કોઇ શૃગાર વાત
આડી આડી વાત કરે અતિ મતિ મુંઝાય.
સરસ રાગ રતિ રંગ ન જાણે, દામ મજુર છે સરવ આ,
પ્યારી નારી ચપળા કરથી નકી ખાય લાત. નથી૦

ત્રિવિક્રમ— ૧૬

ખરી વાત કરછ પ્રિય રમણીરે, તારા બોલો મારા મનમારે,

તારા બોલો મારા મનમાં તનમાં મધુર મધુર અતિ મન.
ગમતા, રહો આ ઠાર ચતુર ચપળા. ખરી૦
તમ જેવી નવ મળી પદમણી, ખોઇ જીન્દગી બધી.
તવ અધરામૃત લેવા તલસું, ચમક ઝમક છે તુજ મહીં.
તું ખરી મુરખ સૌ આ, બસ બસ ભાંગું ભરમ શરમ. ખરી૦

ત્રિવિક્રમ— ૧૭

રૂમ ઝુમ ઠુમ ઠુમ પગ દઇ, પ્યારીરે ફરીએ,
આ પ્રીત નવી આ પ્રીત, દીલમાં ધરીએ,
હો મધુર સુધા રસ પાન તમારૂં સ્નેહ થકા કરીએ.
કર્યું રાજપાટ કુરબાન તમોને જોઇ,
તમ વિના પ્રેમદા ઉમ્મર આટલી ખોઇ,

મદનકળા—

તો પ્રાણ પીદા છે તમોને ર વરીએ.

ત્રિવિક્રમ—

હો મધુર સુધા રસ પાન તમારૂં સ્નેહ થકી કરીએ,
જઇ બાગ વિશે તમ રાગ રાગણી શુણીએ.
રૂતુ રૂતુ તણા શૃંગાર સુખ ભોગવીએ,

મદનકળા—

હો કામકળા રતિ પતિને રીઝવીએ, હો.

નિર્મળા— ૧૮

અરે આશું કીધુંરે, પ્યારે પરનારી અહી,
મહા સ્નેહ મારો, તોડયો કેમ કોલ દઇ,
જરાએ ન જાણુંરે પ્રીતી ઓછી કેમ થઇ,
શું બીજી સ્વિકારીરે, બુધ્ધિ કેમ બદલી ગઇ,

ચિત્ત નથી ચુકારે, સેવા કદી સ્વામિ તણી,
છળી કેમ છાડીરે; બીજી પ્રિય દિલ ગણી,
અરે ક્યાંથી આવીરે, ઓચીંતી એ તો અહીં,
મનડું મોહ્યારે, શી છે મોહની એ મહીં.

બાલસિંહ - ૧૯

આ તો છે જોયા જેવારે, જોયાં જેવાં રૂપમાં તેવાં કહું છું કેવાંરે, એતો
લટકે પુરાં, ચટકે પુરા, છટકે કેતા વાત, વાતનો ચુરો, ચોટલો છુટો,
રાખી બેઠાં છે માત એતો
હું જઇ આવ્યો, તુને બોલાવ્યો, જા તું એને ઠામ,
ચંદ્ર—ઠીક છે ત્યારે નવાં માજીને, હુંય કરૂં પ્રણામ એતો
નિર્મળા—પુત્રો તમે જાશો નહી, એમજ એની પાસ, એની
ગીતભાત, વગર જાણ્યે એ અવાસ. એતો
ચંદ્ર—આજ્ઞા માજી આપો જઇ હું, જાણું એની રીત,
નિર્મળા— ભલે જા ચંદ્ર આવ જોઇ, એ નવીની પ્રિત. એતો.

૨૦

પ્રણામ પ્રણામો પ્રણામ (૨)

વિદ્યા દેવી તુને, હરાવે સહુને, કર્યાં વશ તે તો તમામ—પ્રણામ
વિદ્યા છે અજબ તારી વાત, નથી રૂપ કાંઇ વિસાત,
અત્તર ફુલ રાખ્યાં, મુછે તાર નાખ્યાં ન પોચી પુરી દિલહામ—પ્રણામ
વિદ્યા છે કૈવત ખરૂં અંગ, ન હારે હોય જેની સંગ,
જાણે ઘણી કુસ્તી, ઉડાડી દે સુસ્તી, ન આવી કાંઇ પણ કામ—પ્રણામ.
વિદ્યા છે ખજાનો ખરો, ભલે બીજું દ્રવ્ય ભરો,
નહીં દ્રવ્ય જીતે, જ્યારે અંગ વિતે. હશે બુદ્ધિશાળી જે ઠામ—પ્રણામ.

૨૧

ચંદ્ર—

આ શું શરમ મુકીને ધરમ ચુકો, તન સાથે બોલતાં કેમ ચુકો.
આ ન સારૂં રે, અવિચાર્યું રે, મુને કલંક શું દેવા ધાર્યું રે;
આ તો ગજબ કહેવાય, સૂર્ય પશ્ચિમ ઉદય થાય, પૃથ્વી
રસાતળ જાય, ચંદ્ર નહીં ચુકે માય, ધિક હાય અરે હાય.
આવું બોલોમાં રે માય— આશું.
આવું મુખથી કેવાય, મારૂં લોહી તપી જાય, મુને લાગે
બોલ ઘાય, ક્ષત્રિ તનથી શું ણાય, મહા પાપમાં ભરાય,
અરે હાય અરે હાય— આશું.

૨૨

ચંદ્ર—

બસ હવે બસ નહી બોલરે, બસ હવે બસ નહીં બોલ;
ટુંક મતિ નીતિ તારીનો કરી લીધો છે તોલરે— બસ.
અંગિકાર કરીએ તાતે, પસ્તાશેજ અતોલરે— બસ
વેશ્યા કુલટા, કુસ્વછંદી અબળા, તુ નહીં માને તોલરે—બસ

૨૩

મદનકળા—

તજી મહેલ પ્રિય ગમતી રમતી છેલ નૃપ,
પ્રીતમ વિગત કમરે કરો જાઉં— તજી.
કેશરથી અંગ ભીંજે, જેમ મારા શ્યામ રીઝે, રજનીમાં માજ
કીજે, મેહેલની માંહી—તજી
વસંતની બહાર જામી, ફુલ ડોલ જુઓ સ્વામિ, વિલાસી વિરામો
છટા, જોઇને લો લાહ્ય—તજી.

૨૪

રૂપાળી—

હાય હાય નઠારો વાત હોય એવી, અરે ભુલ, ખાધી ભુલ,
મોટી ભુલ, ભવ શુળ દુખ મુળરે— હાય

છબી રૂપથી તો ભરી, નેણે નીરખી હું વરી, ગુણ દોષને
વિસરી, નવ વાત જાણું જરી, નવ ધારત, મન
મારત, પાછી વાળત, નવ કરત પ્રિતી કંઠ ધરી,
ઉર શું લેવી હાય.

૨૫

વરાવી માબાપે, લગન કરી નાની વય મહી,
મુને મારી વેચી, પુરણ ધન તૃષ્ણા મન રહી;
ખરાબી કીધી છે, કુલિન કુળ લોભે હદ થઇ;
મડા સાથે બાંધી, જગત સુખ જોયુ નહીં કહી.

મદનકળા— ૨૬

મનવા તુ ધર ધીરજ કાંઇ, પ્રીતમ તારા આવ્યા છે અહી. મન.
રૂડો રૂપાળો છેલ છબીલો કંથ મળ્યો જગ માંહી,
રાગ વિનોદે રીઝવું રસીયો, સાથ સુંદર સુર ગાઇ.
રજનીમાં રંગે ભીજાઇ મનવા.

ત્રિવિક્રમ—સાન ભુલાવી તેં તો સુધ વિસરાવી મોહ મદિરા પાઇ
નેન સેનના તિરજ વાગ્યાં, હૃદય ગયું છે વીંધાઇ,
રાખુ કેમ હવે રે જુદાઇ. મનવા.
માન મુકાન નૃત્ય દેખાડો, બાંધો ઘુઘરા પાયે.

મદનકળા—સાંજ પડી તમને સંભળાવુ.

ત્રિવિક્રમ—ધુમ મચાવો ગાઇ, આનંદ મેહેલે છવરાઇ.

મદનકળા— ૨૭

રંગ રાજ ભુવન મહીં, છેલ વસ્યો મારા મન મહીં. રંગ.
આંબા મોરે કેશું ફુલે, બીજી ફુલી બનરાઇ,
સેજ ચડતાં સુંદરી ફુલી, એજી રૂમઝુમ લટકાળી. રંગ.

બહાદુર રાજા શું છે બજૈયા, કસર ન દીસે કાંઇ,
પ્રીતમ પ્યારા ખુબી તમારી એજી મોજ મચાવી આંહીં. રંગ.

નિર્મળા— ૨૮

ચંદ્ર વખત શો આવીઓ, આફતમાં દેશ ડુબાવીઓ.
કીધી પ્રજા પાયમાલ, કર્યાં સૌના બુરા હાલ; પ્રીતમને
ફંદે ફસાવીઓ, અહો મારા પ્રીતમને ફંદે ફસાવીઓ. ચંદ્ર.
ચંદ્ર—માજી મુકો એવી વાત, હવે ચાલો મારી સાથ,
ભાગ્યેરે ખેલ ભજાવીઓ, માજી મારા ભાગ્યેરે ખેલ ભજાવીઓ
ચંદ્ર—માજી જઇએ બીજે દેશ, તજી રાજવંશી વશ.
ભાવીને આ હાલ ભાવીઓ, માજી ભુંડા ભાવીને આ હાલ ભાવીઓ.
દાસીઓ—અહો પ્યારા પ્રતિપાળ, ઝુરી મરશું બેહાલ,
દૈવેર જુલમ દેખાડીઓ, અરે આજ દૈવેયે જુલમ દેખાડીઓ.
દાસીઓ—અમા મરીએ આણે ઠામ, માજી લીઓ બીજે ગામ,
સાથેરે દાસી તમારીઓ, રેશું અમો સાથેરે દાસી તમારીઓ.
બાળસિંહ—માજી થાશે રૂડું કામ, દાના તણી મુને હામ:
દુશ્મન કદી હાલ ફાવીઓ, તેથી શું રે દુશ્મન કદી હાલ ફાવીઓ.
વીહો—એમાં બાપાનો છે બાધ, ચડી બેહો વાલા ખાંધ,
જાણોજે તખ્તે ઝુકાવીઓ, બાલ ભાને જાણોજે તખ્તે ઝુકાવીઓ
બધાં—વાલા વિહા તું આવીઓ, બહાદુર બોલે સીધાવીઓ.

૨૯

પેખું હવે પ્યારીને પોશાકની બહારમાં (૨)
મોતી હાર કંઠ ધરૂં શીર પેચ છટાવંત,
પ્યારી ભેટું આ પળે હું પ્યારમાં—પેખું.

લાગ મળ્યો આજ મને ઘણા દીન દેખી રાહ,
ભાગું લઇ છે ફસેલી જાળમાં—પેખું.

૩૦

પુનમ ચાંદની ખીલી પુરી અહિરે, શોભે રજની સુંદર શી આજ,
હેતે રમીએ સંગાથે સહિયર આપણેરે.
સહિયર કંકણો સોનાના કરે ધર્યારે, માંહે જડીયા છે નીલમણી
નંગ—હેતે૦

મળીઆં આજે આપણે, ધરી સોળ શણગાર;
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર
હીરા રત્નથી જડીત ઉર હાર છેરે, મોતી ગુછ લળકે છે બાજુ
બંધ—હેતે૦

અંબોડા ફુલે જડયા, સર સેથે હિંગુળ;
કીધા કુમકુમ ચાંદલા, મુકતા માળા ઉર,
આરસ પારસ મણી જડેલો ચોક છેરે, તેમાં રમતા વશતા હૈયે
નણદલ વીર—હેતે૦

પેર્યાં ઝાંઝર પ્રિતથી, ઝણણ કરે ઝણકાર
ફરીએ સહિયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ વિવિધ ભાતનીરે, તે તો આપે છે શી સુંદર
સુગંધ—હેતે૦

કથા શિયળની સાંભળી, પ્રિતમ ઉપર પ્રેમ;
વધ્યો સખી વિરહી થઇ, મળે ત્વરાથી કેમ.

પુનમ ચાંદની:—

સુમતી— ૩૧

તારા મોપર આ વાર શુ કહું, તેં કીધું કાળું કુળના નામનું

નિરજ બાળ્યું, ના ભાળ્યુ, વંશજ ઠેકાણું જા તું મર ઘર માંહે
લુચ્ચા—તારા૦

તેં નાહક ગાળ્યું આયુ તારૂં, ઉઠ ઝાળું, ભુંડું કરમજ
સંભારતાં તારું કાળું, જા મેડીબ આ વાર દે તાળું—તારા૦

રૂપાળી— ૩૨

જુઓ જાગી પ્યારા રે, આવ્યા છીએ દેશ ન્યારારે;
પ્રાતઃ થયો પક્ષી વૃંદ બોલે, વેગ વાત કરીએરે,—આવ્યા૦
જુઓ પ્રીતમ આ પુર એક દીસે, કો'તો ત્યાં સંચરીએ—
આવ્યા૦

રૂપાળી— ૩૩

હાય એ શુ આવ્યો કોણે મોકલાવ્યો, જાન થકી એને મારૂ
યાર મારોજ શુ રહોજ અળગો, આવ્યો નફ્ટ એ શા સારૂ
લાત માર, પાટુ માર, જોડા માર, મુખ બાળ, થાય ઝાળ,
વ્યાપે કાળ, કાઢ દૂર મોઢું કાળુ—હાય૦
મારો રંગ, કર્યો ભંગ, આશા ઢંગ, આવી અંગ, ભોપા
સંગ, શો પ્રસંગ, પુછો આવ્ય ત શું ધાર્યું—હાય૦

સૌ ચોર— ૩૪

દોડો દોડો ઉભા છુ રહોસો, કરીએ છું દાઝી દાઢી
કોસો બદક એક હાથ રે લાગ્યુ—દોડો૦
રૂડીસ રૂપાળી જાણો, હાયની રાજાની રાણી, ઝણુંબે હોનાથી
ઝકઝોળ—દોડો૦
વહતરતો પર્યોસ, સોડયા અંગે સાંપલાં, મારો બાપો
કરોને ઝોકાળ, ખાંપે બાળી કાઢો એલા ભાઈઓરે, ભાગી
જાય એનો કાળ—દોડો૦

વેસણુ કર હું જઇ ભોંયરૂં ઉઘેડી, સીનવી લઇએ એનો
માલ—હોડો૦

૩૫

નિર્મળા—પ્રભુ શી મુજ પરરે વિપતિ પડી. (૨)
પતિ ગયો કર્યા પ્રેમ વિસારી, બાળને અળગો કરી
ચાલી અરણ્યમાં ચંદ્ર સંગાથે, સુપુત્ર સેવા ધણી—મુજ૦
રાજ ખોઇને રંક બનાવ્યાં, પ્યારે કુછંદે ચડી,
હવે શરણુ છે શ્રી હરી તારૂં, વાળજે વેળા પડી—મુજ૦

૩૬

અવન્તિ—મુખ નહી બોલે બાળા તમારી, પ્રેમ તણો જે પંથ,
બાના સુખને જો ઇચ્છો તો, અરપો યોગ્યજ કંથ—બાના૦
દ્રવ્ય ન જોશો, મેહેલે ન મોશો, જોશો ન કુળઅભિમાન;
વિચારે જોજો વયને જોજો, રૂપ શુર ગુણ ખંતઃ—બાના૦
કરી પરિક્ષા પછી સોંપજો, નિજ દુહીતાનો હાથ
નાલાયક નરને દેશો તો, દુખે આવશે અંત—બાના૦

૩૭

સુરજબા—સખી હું વરૂં સુંદર જે, મદન છબી ગુણીઅલ
કુંવર અવનીમાં, નયનશર લાગે નીરખીને—સખી૦
એવો રાણી જાયો સુધીર નરવરનો તન (૨)
ચતુર છબીલો ચિત્ત હરે, તારા સમ (૨) એજ
પતિ મુજ તનનો વદન શશી ભેટું વિજયીને—સખી૦

૩૮

નિર્મળા—રાજા આંખ ઉઘાડી કાંઇ નીહાળોરે, નિહાળો દિલમાં
ધારો પાત્ર ન્યારાં ન્યારાં ભાળો—રાજા૦

કંચનનું તેજ ન્યારૂં, ચાંદી પાત્ર છે રૂપાળું,
લોઢું માટી તુચ્છ તે શું સરખાં લેખી વાળો—રાજા૦
માટી પાત્રે દુધ ખારૂં, લોહ પાત્રે તેથી ન્યારૂં,
રૂપામાં શાકરવાળું સોને સ્વાદ પ્યારો—રાજા૦

૩૯

સુભટસેન—ધન્યમતિ શુદ્ધ બેન તમારી, નહીંરે મળશે જોડી તમારી.
આજ સુધી શુદ્ધ રહેલો ધર્મ, ટેક નિભાવી માતુ તેં મારી
મહા કલંકીત થતો બચાવ્યો, જુગતિ ઉત્તમ બેન ઉર
ઉતારી—ધન્ય.
બેન તુ મારી, મા તું મારી, ગુરૂ તું મારી છો હિત-
કારી—ધન્ય.

સુરજબા— ૪૦

આજ લઉં શીખ સારી તમ કને હોંસે આજ લઉં શીખ સારી
સતી ધરમ સમજાવો હું થાઉં, સીતા તારા જેવી શાણી
કર્તવ્ય મારૂં કદી ન ભુલું, સુખ દુઃખે ધીરજ આણી—આજ.
રૂપ ગુણે ભરપુર પતિની, સુમતિ ધરી કરૂં સેવા
કેમ પ્રસન્ન રહે પ્રીતમ મારો, બહુ એવો બોધજ દેવા—આજ.

ચંદ્ર— ૪૧

મા તું જંગલ વિષે ખોઇ કેવા સ્થળમાં, મળવું દુર્લભ થશે, જગત
માંય—મા તુ.
આવ્યો તુરત એક પળ ઝટપટ સ્થળ, દીઠાં નહીજ વખતનાં
ચઢતી કાંય—મા તું.
વાલી પરમ પ્રેમ ઝર અમરત તરૂ, મારી શીતલ જગતમાં સુખની
છાંય—મા તુ.

૪૨

રૂચ્યો સ્વયવર પ્રીતથીઃ, આવ્યા અનેક રાજકુમાર
શાણી સુરજબા ગેપશે, રૂડી હસ્ત ગ્રહી વરમાળ.
હાંરે ભાગ્ય જેનાં, હશે તેનાં, રૂડા લલાટમાં કુવરી વરવા આવીજો.
પિતાજીએ પણ તો કર્યું, વિંધે સિંહાકૃતિ જે નિશાન.
તેને વરે વાલી આપણીરે, આપી ઉમંગે વિજયનું માન
હાંરે દિન રૂડો, બાનો ચુડો, હાંરે રહો અવિચળ પ્રેમજ કંથને પામીજો.

થંદ— ૪૩

ગુરે વદો વચના મુખથી ગર્વ ના ઉર ધરો-
ગાંડા હજી બહુ વીર માત જણતી ક્ષત્રી.
બાળ, દિવ્ય ભાલ ધનુર્ધાર, મારે ફાળ
જીતે માળ, લ્યો જાણી—
નૃપ વચનજ ભણી એ ના નબળુ—શુ રે—
ભણ્યા વિદ્યા ઘણી રાજ તન, ધરીએ.
ના ગુમાન, રાખો સાન, ધરે બાણ.
આ નિશાન, ગેધ માન ગજાવી લે
માળ વિજયની કુંવરીના કરથી—શું રે.

સુરજબા— ૪૪

દીપાવી કુખ તેં તો રાણીના જાયા, રંગ રહ્યા સહુ
નમાલા, નમાલા, નમાલા, બીજા તેં તો રાણીના જાયા, રંગ.
શસ્ત્ર પડ્યા ઝાંખારે ઝાંખા, સભામાં, શૂરમાં, બળમા, કળમાં,
કુંવરીઓ—ક્ષત્રિ તન વધ્યો તુજ ધન ધન.
[illegible]—ગુરૂની કૃપા, માતુની કૃપા. (૨)

સુરજબા—હરિ હર્યું, માળા આરોપું, આ ક્ષણ આ ક્ષણ કંઠ તારે

ચંદ્ર—તમો યોગ્ય રાજબાળા.

કંચનીઓ—કુંવરીબા, સુરજબા ક્ષત્રિવિરે ખુશ કર્યા, બાણુ
છોડી, મળી જોડી,

સુરજબા—દીપાવી

કંચનીઓ— ૨૫

જયજય જગમાંહી, દીનનીશ, નરવર સુભટસેન.
શૂરવીર, રણધીર સંગિતમાં નિપુણ છો ધરણીમાં જય
પંખસા, પથ, પગ મગ સારે, કમલ નયન શુભ મન હું.
વારી, તુજ કિર્તિમા. ઘર ઘર સ્થળ સ્થળ છાઇ છે
તન ધન અન તું ન ઇશ હે. નિધ નીગિમા, જય જય

ત્રિવિક્રમ— ૨૬

થયો જુલ્મ પ્યારી મારી મત્યુ પામીગે, હા મરવુ આજે. મૃ
રાજ તજાવ્યુ જોગે વન ભટકાવ્યો, એવી પ્રીત તો જામીરે
જેહ રમાના પ્રેમમા સખ્તતો, તન તાપ સહયોગે મૃ
નહીં જીવાશે મારા પ્રાણ હા જશે, સાપ ડસ્યો છે ભારીગે,
બળી મરવુ માહરે જીન્દગી સુખ સાર ગયો મૃ
મુકીને ચાલી, પ્રીત ચુકીને ચાલી, એ છે હુ મા બામીરે
હજી લગી હુ જીવતો ગણ ન પ્રેમ ઓછો થયો મૃ.

મદનકલા— ૨૭

પોઢોજી પોઢોજી પ્રાણનાથ પ્યારા હો પોઢો
નિદ્રા લીઓ સુખે સુંદર છબીલા, ચીરે ઢાલુ પવન આ હાથ,
પ્યારા.
બહુ શ્રમ પામ્યા રાજાજી વિરામો, પુર શોધી જાગુ રે પ્રભાત
પ્યારા.

રત્નસેન--   ૪૮

ફેલી બદ કરતો ફરતો હાય અંતે ફસાણોરી
પાપી કરમજનો ઘટ મારો, પુરો ભરાણોરી—   ફેલી
પુરો ભરાણો ઘટ પુરો ભરાણો કેદ નખાણોરી—   ફેલી.
દીકી ન પુત્રી અનદાતાની તેમાં લોભાણોરી.
તેમાં લોભાણો કામી તેમાં લોભાણો નીચ ગણાણોરી—ફેલી
પ્યારા પિતાએ હામજ રાખ્યો, હામ રાખ્યા મું ન હામ રાખ્યો
                    તો, પાછો તણાણોરી—ફેલી

ત્રિવિક્રમ—   ૪૯

નાઠા કેમ લઇ મુજ નારીરે, અચરજ એ મુજને— નાઠા
એ તસ્કર થઇ મુજ તરૂણીનો, બેસાડી ઘરપર નારીરે—અચ.
સુતો મુકીને સરીતા તીરે, વામા ચાલી વ્યભીચારીરે—અચ.
ફરી બેઠી શું એ મારાથી. નિવડી શું એ નઠારીરે—અચ.

મદનકળા—   ૫૦

ઝપાટો મારીને કરો ઠબએ, એનું પ્રીતમ કાઢો કામે,
ભીડો હામ, મારો હા, હા, હા, ઝપાટ
ધરતો દોષ અન્ય ઉપરે, જીવતો એ તો શું બને—એનુ પ્રી.

ત્રિવિક્રમ—   ૫૧

હાંરે ધીક ધીક છે વેસ્યાનારી તુજને તુમા લપટાણો ધીક વળી મુજને. ધીક.
પ્રેમ પરિક્ષા ખોટી કરી મે, ધીક ધીક મારી સમજનેરે (૨) ધીક.
ખોટીને સારૂ સાચાં સંતાપ્યાં, નિર્મળ નારી સુતનને (૨) ધીક.
કરી ખરાબી ખોયુ મેં સઘળુ, તન ધન રાજ ભુવનને (૨) ધીક.

ત્રિવિક્રમ— ૫૨

મારી નિર્મળ પ્રાણની પ્યારીને હુ નીરખુ રે હા કયે.
સાચી શુદ્ધજ નિર્મળા, સાચા એઉ કુમાર,
ક્યારે મળું ચંદ્ર બાલને, હશે એ કોણે ઠાર,
સાંભરે છે તમારાં મુને વચનજ આજે— મારી
સાચી પ્રીત ન પારખી, રીઝયો ખોટે રંગ,
વનમાં પણ નવ વિસર્યો મુજને, મૂક્યો હાર અવગ,
લગરી ન વિચારી એવી પ્રીત દુર કીધી મારી— મારી.
પાપી પતિ હુ પ્રેમદા, ધર્મ પત્નિ તુ ધીર,
ક્યારે મળીને હુ રે નિવારીશ તારા નયનમાં નીર,
સુંદરી તુ સાચી મારી મતિ અતી કાચી— મારી.

રૂપાળી— ૫૩

હુ કોઇરે ન પીરસુ મુજ કર પરજન. હુ કોઇરે.
હાલ ચાલ એવાં એ કરશે ખટપટ હીકમત આચરતો,
એને વાળવી આજ લાજ, શી તુ વાત કરછ હુ કોઇરે
વાત ચીત એની ના ગમતી, શરત અકલ વીણ કાંકરતો,
એનુ રાજ્યમાં માન પાન શીદ કાન ધરછ. હુ કોઇરે.

૫૪

મારી પ્રાણ પ્યારી મિત્ર આ નકાજ ગણુ,
કદી એ પ્રેમ ઓછો નવ કરૂ હુ મૂખ ભણુ—મારી.
એ પ્રપંચથી ઠગાઇ ભામની રે મન,
દિલ ન દુભવુ કદી ન મિત્ર કપટ ધરૂ— મારી.
નવ સંદેહ મિત્ર રાખે તારે હ્રદય કશો,
લગન વિધિએ હુ સ્નેહ સાથ લઇ વરૂ— મારી.

આને ગણી હું રાખું તેહ કુંવરી તુલ્યરે,
ને આ કોલ મિત્ર આપું છુ કહીજ ખરૂં—મારી.

૫૫

બાળસિંહ—

ખબર ન બંધુ તણી મળી શોધ કીધા ઘણી,
બેઠો થઇ રાજ ધણીરે. કરૂં શું.
ચંદ્ર ચોટયો મારા મનમાં, માતુ ભટકે કેવા મનમા
તાપ ઉપજે એહ તનમાંરે કરૂં શું
પિતા મારા કો પ્રદેશે, કયારે હશે, કેવે વેશે,
કોણ્ હાજી હાજી કેશેરે કરૂ શુ
તખ્ત બેશી રાજ ભોગું, અન રૂડાંરે આરોગુ,
સરવ વૈભવ માથે છોગુરે. કરૂ શું.
કયારે મળશે માત બંધુ પિતા મારા સુખ સીધુ,
ખબર કોઇ લાવો વદુરે. કરૂ શું.

વીહો— ૫૬

લ્યો કીધુ કોટવાળુ ઘરમા અમારૂં
પગ ત્રકડાવે, બળ બતલાવે. નથી નીકળવા બારૂં;

ભીમજી—લખીઆ આવે, વસત બચાવે,
લખીઓ—છોડી દ્યો છોકરૂ બિચારૂં ઘરમાં
વીહો—ગુના પકડહે, ગામમાં કરહે, આ મુરતી રખવાળુ;
રયા બગલમાં આપ હમાઇ કરે બડાઇ હુ મારૂ. ઘરમાં.
ભીમજી—બાલુભા શું હસોજ ઉભા,
બાળસિંહ—શું કેછ ડાળજ ઘાલું,

ભીમજી—છોડાવો માબાપ મરૂ છું, મુંઝાઇ હાહનવાણું.
વસંત—કહુ કારભારી દેતુ છોડી,
લખીઓ—ખજાનચી હું કહાડુ,
વીહો—મારા આવો તમાય આહી, આંગળીએ વળગાડુ.

નિર્મળા— ૫૭

હા નાથ તારા ખબર વગર હું અટકી છુ આ સ્થળમા,
હા હશે નાથ મુજ કયાં ફરતા હાય હાય હાય હશે
નથી કો કીકર સાથ એહને કરશે કોણ સેવા
હા કવણ અવર દિલમા. લાગે લાય, લાય, હશે
કયારે હું દરશન પામુ એમનાં એહ ભલે ભૂલ્યા.
હા નહી વિસરૂ પ્યારા, જાઉ ત્યાંય ત્યાય ત્યાય હા હશે

દરબારીઓ— ૫૮

વિવિધ વિવિધ રતન નિધિઓ, વરસો રાજન આડી
રૂપાળા કુવરો સુન્દરી સુશીલ નિપજો
સુભટ તનુજો અકલ દરિઆ ઉપજો,
અખિલ દે પ્રભુ તમને— વિવિધ.
પામોએ સુખ અમર આયુષ્ય,
સરવે પરવે શોભા, ન્યારી ન્યારી પ્યારી સવારી,
તમારી, નીકળો હયજ હાથીઓ દીપાવો
સાજ ધરીને—વિવિધ૦

સર્વ પાત્રો— ૫૯

મંગળ કર, ભવભય હર, જય ઉમા પતિ, પ્રણુત પાલ, હે દયાલ,
શિવજી ધુર્જટી—મંગળ૦

ગૌર વર્ણું અંગપર બિરાજતા ફણી, ચંદ્ર શેખર દિવ્ય દેવના
ચુડામણી, ભસ્મ ધારી, બીડ હારી, આરત ઘો હણી.
ચરણે, શરણે, સ્મરણે, દુખ હરતા, સુખ કરતા, ઉર ધરતા,
સ્તુતિ આરતી—મંગળ૦

ધરણીધર ગંગને જટા વિશે ધર્યાં શાઇલગ્ન સહસ્ત્ર
વર્ષના તપે વર્યાં, ભોળાના ભક્ત દુખ હોંસથી હર્યાં, તારી
પ્યારી, ધારી, ત્રિપુરારી, દુખહારી, સુખકારી. પ્રાર્થના રતી
—મંગળ૦

સભ્ય સજનો આ ખેલ પૂર્ણ તો થયો, આપને અભિનયે મરી
નજર કર્યો, દોષને ક્ષમા કરીને બોધ દિલ ધરો
આવો, ભાવો, લાવો ફરી પ્રીતી, પ્રભુ નીતિ ગુણ ગીતી,
એહ વિનતિ—મંગળ.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકો મોરબી નાટક કંપનીના જ્યાં મુકામ હોય ત્યાંથી, તેમજ મુંબઇ કાલબાદેવી રોડ બુકસેલર એન એમ ત્રિપાઠીની કંપનીમાંથી અને અમદાવાદ ત્રણ દરવાજા પાસે બુકસેલર મહાદેવ રામચંદ્રની દુકાનેથી રોકડી કિમ્મત મોકલી અગર વેલ્યુપેબલ પાર્સલથી, મંગાવી લેવાં

	રૂ. આ. પા.
ભર્તૃહરી નાટક મોટું	૧—૦—૦
સદર ગાયન.	૦—૨—૦
ચાપરાજ નાટક મોટું	૧—૦—૦
સદર ગાયન.	૦—૨—૦
રાજસિંહ નાટક મોટું	૧—૦—૦
સદર ગાયન .. .	૦—૨—૦
રાણકદેવી નાટક મોટું ...	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
ત્રિયારાજ નાટક મોટું . .	૧—૦—૦
સદર ગાયન . . .	૦ ૨ ૦
ત્રિવિક્રમ નાટક મોટું	૧—૦—૦
જગદેવ પરમાર નાટક મોટું	૧ ૦ ૦
સદર ગાયન	૦—૨—૦
ચંદ્રહાસ મોટું	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
પૃથુરાજ ગાયન	૦—૨—૦
સીતાસ્વયંવર ગાયન..	૦—૨—૦
ઉષાહરણ ગાયન	૦—૨—૦
વીરબાળાનાં ગાયન...	૦—૨—૦
દેવયાનીનાં ગાયન.	૦—૨—૦
રાજતરંગ નાટકના ગાયન.	૦—૨—૦
વિશુદ્ધ વિજયનાં ગાયન	૦—૨—૦
સરસ્વતી નાટકના ગાયન	૦—૨—૦
રમારણજીતના ગાયન.	૦—૨—૦
અંબરીષ નાટકના ગાયન	૦—૨—
મદાલસા નાટકના ગાયન.	૦—૨—૦
અનસૂયા નાટકના ગાયન	૦—૨—૦
કંસવધ નાટકનાં ગાયન.	૦—૨—૦
સુકન્યા સાવિત્રિ નાટકના ગાયન—હવે પછી....	૦—૨—૦